સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૫

સલામી સવારની..

ધર્મ અને જ્ઞાતિવાદ સાથે હિંદુત્વ ત્યાગે છે
ભાંગે ભેદ પાડીને, ચૂંટણી નગારાં વાગે છે,
લાગે છે બીક ઉત્તર પ્રદેશના પરિણામે -
અન્યાય ની ઢાલે હવે જ્ઞાતિ-સમાજ જાગે છે

હાઈકુ

બૂંદ સે ગઇ,
- 'અગ્નિ' સે નહીં આતી!
નિઃશસ્ત્ર સેના..
(રાખો, પ્રદર્શન માટે..)

સેના પકડે,
સરકાર છોડી દે -
ભરે ખંડણી..
(ઓરિસ્સા-કેન્દ્રને
સુપ્રિમની નોટીસ)

ચિંતન

મૃતં શરીર મૃત્સૃજય નષ્ટૌલૌષ્ટ સમં ક્ષિતૌ ।
વિમુખા બાંધવા યાન્તિ ધર્મસ્તમનુ ગચ્છતિ ॥

મૃતાત્મા-મરી ગયેલા સગાવહાલાં ને તેમના સંબંધીઓ અગ્નિદાહ આપીને કે કબ્રસ્તાનની સમાધિમાં દાટીને પાછા ફરે છે (અર્થાત ગમે તેવું નજીકનું સંબંધી પણ 'મૃતાત્મા' ને સ્મશાનમાં છોડીને પોતાના સંસાર-વહેવારમાં- ઘેર પરત આવી જ જાય છે) મરનાર સાથે કોઇ જ જતું નથી ફક્ત સત્કાર્યો અને દાન-ધર્મ જ મૃતકને અનુસરે છે :-

જે જન્મે છે તે મરે છે એ કુદરતનો નિયતિનો ક્રમ જ છે એ અટળ નિયમ છે. નાનામાં નાનાં જીવજંતુથી લઇ વિશાળ કાય હ્વેલ-હાથી જેવા બધાં જ જીવોને આ કુદરતના નિયમમાંથી મુક્ત થઇ શકતાં નથી. એવી જ રીતે માનવ પ્રાણીને પણ 'મૃત્યુ' નિશ્ચિત જ છે. મૃત્યુ પછી શરીરને અગ્નિદાહ, ધરતીમાં ધરતીને કે નદી પ્રવાહમાં વહેવડાવી 'નિકાલ' કરવામાં આવે છે. આમ મૃતાત્માનું શરીર નાશવંત છે અને અશેષ થઇ જાય છે. સગાવહાલાંનો સમુદાય થોડા સમય માટે તેના સ્મરણો વાગોડીને દુઃખી થાય છે પણ પછી બધું જ ભૂલાઇ જાય છે.

પરંતુ માનવીએ જીવનભર કરેલાં સત્કાર્યો દાન-પુણ્ય, ન્યાય, સેવા, કર્તવ્યો અને ફરજ ઇશ્વરની સાક્ષીએ કે ધર્માનુસાર કર્યા હોય તે તેની સાથે, સ્વભાવ-પ્રકૃતિ-પ્રમાણ બની તેના આત્માનું આવરણ બની એની સાથે જ જાય છે. માટે આ જન્મમાં ધીરજ-સંતોષ-સાદગીથી પુણ્યકાર્યો કરી બીજા જન્મ માટે પુરૂષાર્થ એકત્ર કરવો.

સુવિચાર

- જેમ વહેતી નદીનાં નીર નિર્મળ રહે છે તેમ વહેતાં જીવનમાં તાજગી રહે છે, અલબત્ત એવું જીવન જીવવું સરળ નથી - બબાભાઇ પટેલ
- આ અદ્‌ભૂત પૃથ્વી હરીભરી, સુંદર, સમૃધ્ધ છે એના પર આપણને આનંદથી જીવવાનું છે - જે. કૃષ્ણમૂર્તિ
- સાચા રમતવીરને રમતનો થાક લાગતો જ નથી, જીવન પણ રમત છે, ઇંધો, વ્યવસાય, પારિવારીક જવાબદારીઓ આ રમતનો ભોગ છે એની સાથે આનંદથી રમવું જોઇએ - પાંડુરંગ શાસ્ત્રી
- વિજ્ઞાનની શોધ વડે માનવી પંખી જેમ આકાશમાં ઉડી શકે, માછલીની જેમ ઊંડા સમુદ્રમાં તરી શકે પણ માનવીની જેમ પૃથ્વી પર કેમ જીવવું એ એને નથી આવડતું - બ્રટ્રાંડ રસેલ
- જાગવું, ઉઘવું, પેટમાં ખોરાક ઓરવો-કાઢવો, નાહકના બકવાસમાં ભૂલી બગાડવી, ન કરવા જેવાં કામ કરવાં, કરવાં જેવાં ન કરી, સમય બગાડવો આ સિવાય જિંદગીમાં તમે બીજું શું કરવાના છો? - સંત મિખાઇલ નેઇમી
- મોટી વાત, તમારા જીવનમાં વરસો ઉમેરવાની નથી પણ તમારા વરસોમાં જીવન ઉમેરવાની છે - એલેકેસીસ કેરલ

બોધકથા

કેટલાક લોકો પોતાને બધી જ બાબતોમાં નિષ્ણાત-હૉંશિયાર-પ્રવીણ માનતા હોય છે અને એની પાસે આવનાર કોઇને પણ, કોઇને કોઇ ક્રિયામાંથી 'દોષ' બતાવીને એને નાનો ચિતરવા પ્રયત્નશીલ રહેતા હોય છે. અર્થાત્ એમનો સ્વભાવમાં 'દૃષ્ટિદોષ' જ હોય છે.. સંત સ્વભાવ કોઇના દોષ જોતા નથી, કોઇમાં શું સારું છે એની જ નોંધ લે છે.

સંત હઝરત અલી ત્રણે ટાઇમ, નિયમિત શાંતિથી સ્વચ્છતાથી મનથી નમાઝ પઢતા. તેમની નમાઝનો ખૂબ જ પ્રભાવ હતો કેટલાક રૂઢિચુસ્ત અનુયાયીઓ તો તેમને નમાઝ પઢતા જોઇને જ ભાવવિભોર થઇ જતા..

એકવાર, હઝરત અલીની નમાજ પૂર્ણ થઇ આસપાસ પવિત્રતા હતી ત્યાં એક બંદગીદારે પૂછ્યું, બાબા મારી નમાજમાં ક્યાં-કેટલીવાર-કેવી ભૂલ થાય છે એ મને કૃપા કરીને કહો!

સંત હઝરતે કહ્યું જો ભાઇ! મને કોઇની ભૂલ-ચૂક જોવાની બિલકુલ આદત નથી અને નમાજ જેવી ઇબાદતમાં ભૂલ તો હોય જ ક્યાંથી? આમ છતાં હું નમાજ પઢતો હોઉં ત્યારે ધ્યાનથી જોજે અને તમારી ભૂલ સમજાય તો, સમજીને સુધારી લે જે!

ભારત મહાસત્તાના માર્ગે આગળ ધપે છે

તંત્રી સ્થાનેથી...

ભારતે અગ્નિ-૫ મિસાઈલનું સફળ પરિક્ષણ કરી વિશ્વના ટોચના દેશોમાં સ્થાન મેળવ્યું છે. અગ્નિ-૫ ના નિર્માણ કાર્યમાં એક વર્ષ સુધી સતત જહેમત કરનાર તમામ વૈજ્ઞાનિકો અને સંરક્ષણ તજજ્ઞોને દેશ સલામ પાઠવે છે. જમીન પરથી જમીન પર ત્રાટકતી અગ્નિ-૫ મિસાઈલ ૧૭.૫ મીટરની લંબાઈ અને ૨ મીટરની પહોળાઈ ધરાવતી દોઢ ટન વોરહેડ સાથે ૫૦ ટનનું વજન ધરાવે છે. ૫૦૦૦ કિલોમીટરની રેન્જમાં ત્રાટકી શકવાની ક્ષમતાથી ભારત સંરક્ષણ ક્ષેત્રે મજબૂત બન્યો છે. અડધી દુનિયા ઉપર હુમલો કરવાની તાકાત હવે ભારત ધરાવતું થયું છે. ભારતે વિશ્વની મહાસત્તાઓની હરોળમાં બેસવાની ક્ષમતા પ્રાપ્ત કરી છે. ચીન અને પાકિસ્તાન જેવા પાડોશી દેશોની ઊંઘ હરામ થઈ ગઈ છે. વર્ષો સુધી સરહદ ઉપર બંને દેશોએ ભારતને પજવ્યું છે. એ સિયાચીનની વાત હોય કે આઝાદ કાશ્મીરની વાત હોય, એ કારગિલ મોરચો હોય કે કચ્છની સરહદ હોય. બંને દેશોની લુચ્ચાઈથી ભારત હંમેશાં પરેશાન રહ્યું છે. અગ્નિ-૫ના સફળ પરિક્ષણ બાદ દુશ્મનો કે દુશ્મનોના મિત્રોને ભારતની સંરક્ષણ તાકાતનો અંદાજ આવી ગયો છે. અને આગામી એક વર્ષમાં અગ્નિ-૫નું નિર્માણ કરી લશ્કરને સોંપવા વૈજ્ઞાનિકો પ્રતિબધ્ધ છે.

ભારતને અહિંસામાં પૂર્ણ શ્રધ્ધા છે. પાડોશી દેશો સાથે મિત્રતાના સંબંધ રાખવા ભારત હંમેશાં આતુર છે. હિંદી-ચીની ભાઈ-ભાઈના સૂત્રો ભારતે અનેક વખત પોકાર્યા છે. પાકિસ્તાનના નેતાઓ સાથે અનેક વખત શાંતિની મંત્રણાઓ કરી છે. આમ છતાં ૧૯૬૨ થી ૨૦૧૨ ના પાંચ દાયકામાં બંને પાડોશીઓએ પાંચ વખત યુધ્ધ કર્યું છે, ભારતની સ્પષ્ટ નીતિ છે કે આપણે કોઈનાં ઉપર હુમલો કરવો નથી. પરંતુ કોઈ ભારત પર હુમલો કરશે તો તે સાંખી લેવાશે પણ નહીં. છેલ્લા દાયકામાં ભારતે સંરક્ષણ ક્ષેત્રે વધુ ધ્યાન કેન્દ્રિત કરી અદ્યતન મિસાઈલ સહિત શસ્ત્રોનું નિર્માણ કર્યું છે. અને હવે ભારત દુનિયાના પ્રથમ કક્ષાના દેશોની હરોળમાં સ્થાન મેળવવાનું ગૌરવ પ્રાપ્ત કરે છે. અગ્નિ-૫ ના સફળ પરીક્ષણથી ભારતની પ્રતિષ્ઠામાં વધુ એક પીંછુ ઉમેરાયું છે.

આપણે ઉછીનો ડર લીધો છે, બાળપણમાં તો સાવ નિર્ભય પરંતુ જેમ જેમ મોટા થતા ગયા એમ ભય ભાવના આવતી ગઇ આ આવેલી ભય ભાવનાને તો ફંગોળવી રહી

લાગણીનો મેળો

- રસિક આર. વાળંદ 'નિર્ઝર'

હે જગન્નાથ! લંબાવીને હાથ,
માગું તારો હાથ!
રસ્તા આ તો આડાઅવળા!
અહીં ખાડા તો પણે ટેકરા!
ભૂલો પડું તે પહેલાં આવી
સ્હાજે મારો હાથ! હે જગન્નાથ!

- સ્નેહરશ્મિ

વાર્ષિક પરીક્ષા નજીક આવતી હતી. 'નાપાસ થવાશે તો શું થશે?' એવો કાલ્પનિક ભય કેટલાક વિદ્યાર્થીઓના ચહેરે વાંચ્યો... મેં એમને જણાવ્યું, 'પરીક્ષા આપીએ છીએ એટલે નાપાસ પણ થવાય પરંતુ એવો ડર રાખવાને બદલે વધારે વાંચવા લાગી જઇએ તો... નાપાસ થવાનો ડર રાખીને મનમાં મૂંઝાયા કરવાથી અસ્વસ્થતા વધશે ને શક્તિ વેડફાશે.'

ભય પરીક્ષાનો હોય કે અન્ય કશાનો... પરંતુ એટલું જરૂર યાદ રાખો. હંમેશાં તમારા મનમાં જે કંઇ બાબતનો ભય સતાવતો હોય તો તમારા મિત્રો, સ્વજન, વડીલ કે જાણકાર સામે વ્યક્ત કરો. એમને ખુલ્લા દિલે જણાવો. પેટ છૂટી વાત કરો... હૈયા વરાળ કાઢી નાંખો પછી તમને સમજાશે કે ડરનું પાર વગરનું દબાણ એકદમ ઓસરી જશે. કેટલાક ભયને રાક્ષણ ગણાવે છે. જે માણસના મનમાં ઊભો થાય છે ને પાછો ત્યાં જ સમાઇ જાય છે. પોતે જ સર્જેલા કલ્પિત રાક્ષસથી છળી મરીએ એ તો નર્યું અજ્ઞાન જ કહેવાય ને?! ક્યારેક જો અનુભવ્યું હોય તો કેટલાક ડર માત્ર જે તે દિવસ પૂરતો જ મર્યાદિત હોય છે. જે સાંજે ખબર પડે કે આખા દિવસથી બેચેન કરી મુકનાર ડરનો પાયા વગરનો હતો. આવી સભાનતા કેળવાય તો ભય ભાવનાઓથી સહજ મુક્તિ મળે. ઘણા એવા કમનસીબ હોય જે સર્વ વાતે સંપન્ન હોવા છતાં અજ્ઞાન ભયથી પિડાતા હોય છે. આવા સ્વકેન્દ્રી લોકોને આવી પીડા હાથવગી રહેતી હોય છે. જાતમાંથી મુક્ત થઇ અન્યને ઉપયોગી થવાની ભાવના કેળવો જેથી એટલો સમય તો આ ડર ઓછો થાય. આ બાબત તો અનુભવે સમજાય. અન્ય માટે શક્તિ વાપરવાથી કેન્દ્રીત થયેલું ધ્યાન વિકેન્દ્રીત થાય - એની તાકાત ઘટે... સતત પોતાનું શું થશે. એવી ચિંતાઓ કરતું મન થોડો સમય હું કોઇકને ઉપયોગી થઇ શકું એવો વિચાર કરવા લાગે તો ભય આપોઆપ ઓસરવા લાગે. આજના સ્વાર્થાંધ માણસને આ શીખવાની જરૂર છે. જાતને ખોઇને જગતને પામી શકાય. પ્રતિક્ષણ મરી જતાં આપણા મનને કેળવવું પડે. રોજેરોજ ઉન્નત વિચારોથી મનને માંજવું પડે. આમ આમ સાચી સમજણનો પિંડ કેળવાય તો બુધ્ધિ, શક્તિ અને નિર્ભયતા મહોરી ઊઠે. આ તો એક સાધના છે... અખંડશ્રમ છે...ઊંડા પાયા પર ઊંચી ઇમારત ટકી શકે એના પાયા ચણતો ઘણીવાર લાગે છે. કાર્લાઇલ કહેતા : 'જ્યાં સુધી તમે નિર્ભય નહીં બનો ત્યાં સુધી તમારી બીજી શક્તિઓને પ્રગટાવવામાં અવરોધ આવવાનાં જ.' આ આપણા સહુનો અનુભવ છે. ડર આપણને કુંઠિત કરી નાખે મૂઢ બનાવી દે. ખીલેલાં પુષ્પો લઇ મંદિરમાં દોડી જનારાના જીવન પુષ્પની એક પાંખડી પણ ના ખીલી શકે એ કંઇ ચાલે!!

આપણે ઉછીનો ડર લીધો છે. બાળપણમાં તો સાવ નિર્ભય પરંતુ જેમ જેમ મોટા થતા ગયા એમ ભય ભાવના આવતી ગઇ આ આવેલી ભય ભાવનાને તો ફંગોળવી રહી. મારી પત્નીને ઇસ્ત્રી કરતાં હળવો શોક લાગ્યો પછી એવું થઇ ગયું કે, ઇસ્ત્રી કરવાનું જ છોડી દીધું... સમય જતાં નિર્ભયતા કેળવાઇ... સંભાળપૂર્વક સ્વિચો પાડવા માંડીને ભય ચાલ્યો ગયો.

સૌ જાણે છે કે રામનામનાં મંત્રથી નિર્ભય બનેલાં મોહનનું રૂપાંતર મહાત્મા ગાંધીમાં થયું. જીવનના પ્રારંભે મળેલો આ મંત્ર આ મંત્ર જ એમનો અંતિમ ઉદ્‌ગાર બની રહ્યો, 'હે રામ!'

દોસ્તો, માની ગોદ કે પ્રભુ પ્રાર્થના જ પરમ નિર્ભયતા બક્ષે!! અંતે...

હે પ્રભુ! તારી અસીમ કૃપા મારી વહારે છે. તેથી તો હું પરમ નિર્ભય છું. મારા જીવનમાં ડર માટે કોઇ અવકાશ નથી.

- : સ્પર્શમણિ : -

કોઇ પણ સંજોગોમાં ડરને તમારા મનમાં પ્રવેશ કરવા દેતા નહીં. એ પેલા પ્લેગનાં જંતુ છે એમસમજીને ડરને છેટેથી સમાલ કરજો. ઉંઘઇ જેવી આ વિધ્વસંક લાગણી તમારા જીવનને છિન્નભિન્ન કરી નાખે એ પહેલાં ચેતી જજો. એના હાથમાં સત્તા ન રહેવા દેશો. આ ડરનાં અનેક રૂપ હોય છે. એનું એક પણ રૂપ તમને તંગ ના કરી જાય એનું ખાસ ધ્યાન રાખજો.

- સ્વામી વિવેકાનંદ
મો. ૯૯૧૩૪૨૬૪૪૯

લઘુકથાના ચાહકો માટે નરેન બારડનું અવસાન એ ન પુરાય એવી ખોટ ગણાય, આ માણસ લઘુકથાને પ્રતિષ્ઠિત કરવા માટે શિર પર એક ધૂન લઇને ફરતો હતો

મોંઘેરાં મોતી

- નટવર આહલપરા

ત્રીસ વર્ષ પછી પણ જેનો ચહેરો નજર સામે તરવરે છે. મરોડદાર મોતીના દાણા જેવા અક્ષરો અને લીલી, કાળી શાહીથી લખાયેલા તેના પત્રો ઉપરાંત, 'ગંગાસિંધું', 'સંસૃત' અને 'ક્ષણનો સહવાસ' લઘુકથા સંગ્રહો, 'મને જ ગમશે' કાવ્યસંગ્રહ, 'ક્ષમાલય' વાર્તાસંગ્રહ ઉપરાંત 'સૂના સંબંધ' નવલકથાના માલિક, નિરાળો માનવી એટલે નરેન બારડ. ભલે એ જૂનાગઢા મજેવડી ગામમાં ઊછર્યો હતો. પણ પોતાના વતન ભાવનગરમાં ટેલિફોન ડિપાર્ટમેન્ટમાં સેવાઓ આપી હતી. વિજ્ઞાન શાખામાં અભ્યાસ કર્યો હોવા છતાં સાહિત્ય સાથેનું તેનું જોડાણ ભીનું ભીનું હતું. તા. ૧૭-૭-૭૯ માં વરિષ્ઠ લઘુ કથાકાર મોહનલાલ પટેલે લખ્યું હતું કે -

'જીવન પ્રકાશ' સામયિકમાં 'આપણા લઘુકથાકારો' શીર્ષક હેઠળ પ્રગટ થઇ ચૂકેલી લઘુકથાઓ અને તેના સર્જકોનો પરિચય હવે પુસ્તકરૂપે પ્રકાશ પામે છે. એ ઘટના લઘુકથાના ઘડતરમાં એક મહત્ત્વનો માર્ગસૂચક સ્થંભ બની રહેશે એમાં શંકા નથી.

લઘુકથા એ લોકરૂચિમાં હવે પોતાનું સ્થાન મેળવી લીધું છે એ તો વિવિધ સામયિકો અને ક્યારેક દૈનિકોમાં એને મળતા સ્થાન ઉપરથી સમજી શકાય છે. ઘડાતી રૂચિમાં કેટલીક મહત્ત્વની બાબતોનો વિવેક બરાબર ચિત્તગર બને તો કલાકૃતિને સમજવા - પારખવામાં ભાવક મૂંઝવણમાં ન રહે અને ઘડાતા સર્જકને પણ એ સજ્જ જરૂર ઉપયોગી બને. આ પુસ્તક દ્વારા એ કાર્ય થશે.

લઘુકથા એ લોકરૂચિમાં હવે પોતાનું સ્થાન મેળવી લીધું છે. એ તો વિવિધ સામયિકો અને ક્યારેક દૈનિકોમાં એને મળતા સ્થાન ઉપરથી સમજી શકાય છે. ઘડાતી રૂચિમાં કેટલીક મહત્ત્વની બાબતોનો વિવેક બરાબર ચિત્તગર બને તો કલાકૃતિને સમજવા - પારખવામાં ભાવક મૂંઝવણમાં ન રહે અને ઘડાતા સર્જકને પણ એ સજ્જ જરૂર ઉપયોગી બને. આ પુસ્તક દ્વારા એ કાર્ય થશે.

લઘુકથામાં ભાવકે સનસનાટીભરી ઘટના કે એના વિકાસની અપેક્ષા રાખવાની નથી. જે ઘટના લઘુકથાને જન્મ આપે છે, એ પોતે તો લઘુકથાના જન્મ સાથે જ નાશ પામે છે. પછી એનો વળી વિકાસ કેવળ કથાનું કૌતુક નથી, સનસનાટી નથી. છતાં સર્જકે ભાવકના ચિત્તને પકડીને રાખવાનું જ છે. એના ચિત્તને રસાભિસિક્ત તો કરવું જ રહ્યું. સર્જન કળાકાર માટે અશક્ય નથી.

પણ અહીં સર્જકની પૂરી કસોટી છે. ક્ષુલ્લક પરિસ્થિતિ ઉપર જ લઘુકથા રચાય છે. એવા પાયા ઉપર એક સફળ સાહિત્યકૃતિ રચવી એ પહેલી વાત નથી.

નરેન નૂતન વર્ષે પત્રમાં લખતો 'આ ક્ષણે આપને સો સૂરજ આવકારે છે.' તો વળી એમ લખે કે, 'હે પર્વાધિરાજ! આંખમાં આંસુને બદલે રોશની, હોઠમાં ધિક્કાર ને બદલે આવકાર, મૃત્યુમય અનંત જીવનને બદલે, ક્ષણ ભરનું જીવનમય જીવન દે! ગઝલની પંક્તિ તો જાણે ગુલાલ ઉડાડતી હોય તેવી.'

નહીં રોશની કે રહેમની, આજે તો વાત માંડીએ પ્રેમની.

●●●

ન સૂરજ બનું કે ચાંદ બનું, અંધાર ઉલેચવા બસ દીપ બનું.

નરેન ખરાં અર્થમાં ઘણાને માટે દીપક બન્યા છે. એમના ધર્મ પત્ની ઉષાબહેનને દાંપત્ય જીવનમાં સાતેય કોઠા સાથે રહીને સર કરાવ્યા હતા. સંતાનો સોનલ, જય અને રૂપલને પણ નરેને ભરપૂર સ્નેહ આપ્યો હતો. જૂનાગઢ 'સૌરાષ્ટ્ર ભૂમિ' દૈનિકમાં તેઓ સંપાદક, કટાર લેખક તરીકે જાણીતા હતા. 'સૃ' સાહિત્ય વર્તુળમાં સભ્ય હતા. ૧૯૯૩ માં ભાવનગર જિલ્લાના લઘુકથાકારોની લઘુકથાઓનું સુંદર સંપાદન 'ફૂંપળ ફૂટે' પુસ્તકથી કર્યું હતું. એવું સંપાદન આજે પણ થાય તેવું ઇચ્છનીય છે.

સૂર્યોદયે સૂર્યાસ્ત નરેન બારડ

'સૂના સંબંધ' નવલકથાની પ્રસ્તાવનામાં વરિષ્ઠ લેખક અને પૂર્વ કેન્દ્ર નિયામક, આકાશવાણી, રાજકોટના શ્રી હસમુખ રાવલે નોંધ્યું છે કે, 'બૃહદ કથા સ્વરૂપ પર કામ કરી શકશો. પ્રવીણ પુસ્તક ભંડાર દ્વારા શ્રી ગોપાલભાઇ જેવા સમર્થ સમભાવી પ્રકાશકના સહકારથી નવલકથા પ્રગટે એથી વિશેષ રૂડું શું હોઇ શકે?'

સ્મરણ છે વર્ષ ૨૦૦૧ ના મે મહિનાનું. મોહનલાલ પટેલ, સાહિત્ય વર્તુળ, કડી (ઉ.ગુ.) દ્વારા ભગવત્ સુથાર, દિલીપ રોય અને રમેશ ત્રિવેદીના સંપાદનમાં લઘુકથા વિશેષ સંપાદનમાં લઘુકથા વિશેષ પુસ્તક તૈયાર થઇ ચૂક્યું હતું. પણ એક સાંજે પ્રકાશ પુરોહિતે મોહનલાલ પટેલને ટેલિફોન ઉપર નરેન બારડના અવસાનના સમાચાર આપ્યા. અભિવાદનને સ્થાને મોહનલાલ પટેલને શ્રધ્ધાંજલિ આપવી પડી હતી.

થોડા દિવસ પછી બહાદુરભાઇ વાંકનો પત્ર આવ્યો : નરેન બારડની સ્મૃતિ માટે કંઇક કરવું જોઇએ. કડીનું સાહિત્ય વર્તુળ કાંઇ કરવા ઇચ્છે તો જરૂરી આર્થિક યોગદાન આપવાની મારી તૈયારી છે.

લઘુકથાના ચાહકો માટે નરેન બારડનું અવસાન એ ન પુરાય એવી ખોટ ગણાય. આ માણસ લઘુકથાને પ્રતિષ્ઠિત કરવા માટે શિર પર એક ધૂન લઇને ફરતો હતો. કહો, પાગલ હતો! એક સમયે એણે એના નિવાસ સ્થાનનું નામ પણ 'લઘુકથા' રાખ્યું હતું! એણે બીજી ભાષાઓમાંથી ખોળીને લઘુકથાનું સંપાદન કર્યું. એણે એક સામયિકમાં 'લઘુકથા' વિભાગનું સંપાદન કર્યું. પોતાના થકી લઘુકથા સંગ્રહો આપ્યા. એનો છેલ્લો સંગ્રહ 'મત્સ્યવધ' એની સર્ગશક્તિ એટલી જાગૃત અને વિકાસોન્મુખ હતી કે ઉત્તરોત્તર પાણીદાર લઘુકથાઓ ગુજરાતને મળતી રહેત. પણ એણે તો યુવાનીમાં જ જીવન સંકેલીને સાહિત્યની દુનિયાને 'અલવિદા' કહી દીધું! આપણા માટે એને યાદ કરવાનું શેષ રહ્યું!



કડીના મિત્રો સાથે હજુ ચર્ચા કરવાની તો બાકી હતી. પણ મેં વળતી ટપાલે બહાદુરભાઇને પત્ર લખ્યો : 'નરેન બારડની સ્મૃતિ માટે કંઇક થવું જ જોઇએ. તમને જે વિચાર આવ્યો એ મને પણ આવ્યો છે. કડીના મિત્રો આ અભિપ્રાયથી હરગીઝ જુદા ન હોય. તમે નાણાંની ચિંતા ન કરતા. આ બાબતે કડી સાહિત્ય વર્તુળ સક્ષમ છે. તમારું સૂચન બહુ મહત્ત્વનું અને વધાવી લેવા જેવું છે. એનો વહેલી તકે અમલ થશે એવી શ્રધ્ધા છે.'

કેટલાંક મહિના અગાઉ કડીના સાહિત્ય વર્તુળે લઘુકથાને કેન્દ્રમાં રાખીને એક સામયિક શરૂ કરવાનો ઠરાવ કરેલો અને એ દિસામાં પ્રગતિ પણ થવા માંડી હતી. નરેન બારડના અવસાન સમાચાર જાણ્યા પછી એક બીજો વિચાર આવ્યો. હમણાં સામયિકની યોજના મોકૂફ રાખવી અને નરેન બારડની સ્મૃતિ રૂપે ગ્રંથાલયોમાં સચવાઇ રહે તેવું લઘુકથા વિષયક પુસ્તક પ્રગટ કરવું.

આ સંકલ્પની ફલશ્રુતિ 'લઘુકથા વિશેષ' પ્રગટ થયું હતું.

આ સંગ્રહ સ્વ. નરેન બારડને ઉચિત શ્રધ્ધાંજલિરૂપ થયો હતો.

કિંમતી જામીનગીરી, દસ્તાવેજો, વીલ, કરારો, ખોટી બનાવટ કરવાનો ગુનો, તેમજ ઠગાઇ કરવાના હેતુથી ખોટા દસ્તાવેજ બનાવવા બાબત તેમજ તેનો ખરા તરીકે ઉપયોગ કરવો. ઈ.પી.કો. કલમ -૪૬૭, ૪૬૮, ૪૭૦, ૪૭૧

વાત કાનૂન-કાયદાની...

- અશ્વિન વી. ત્રિવેદી

જે કોઇ વ્યક્તિ કોઇ કિંમતી જામીનગીરી, પ્રો.નોટ, વીલ, દસ્તાવેજ તેમજ મુદ્દલ રકમ, વ્યાજ, અગર તો મિલકત તબદીલ કરવાના ઇરાદે ખોટા - કરાકો દસ્તાવેજ કે વસ્તુ તેમજ જામીનગીરી સ્વીકારવાનો અધિકારપત્ર, ખોટા ચેક, ડિવીડન્ડ, ડ્રાફ્ટ, અથવા નાળાં મળ્યાની પાવતી વિ. ખોટા બનાવટ કરવાનો ગુનો કરે તેને આજીવન કેદની અથવા દસ વર્ષ સુધીની બેમાંથી કોઇ એક પ્રકારની કેદની શિક્ષા તેમજ દંડ ફરમાવવામાં આવે છે. કલમ-૪૬૭ મુજબ.

ઠગાઇ કરવાના હેતુથી ખોટો દસ્તાવેજ બનાવવા બાબત. કલમ-૪૬૮ જે કોઇ વ્યક્તિ. ઠગાઇ કરવા બનાવટી દસ્તાવેજ ઇલેક્ટ્રીક રેકર્ડનો ઠગાઇ કરવા ઉપયોગ કરવાના બદઇરાદાથી ખોટો રેકર્ડ ઉભો કરી તેને સાચા તરીકે ઉપયોગ કરે તો તેને ઇ.પી.કો. કલમ ૪૬૭ મુજબ સાત વર્ષની કેદ કરવામાં આવે છે. તેમજ દંડને પણ પાત્ર ગણવામાં આવે છે.

સને ૨૦૦૦ ની ઇન્ફોર્મેશન ટેક્નોલોજી અધિનિયમ કલમો ૪૬૮ માં સુધારો કરવામાં આવેલ છે જે પણ સજાપાત્ર ગુનો ગણવામાં આવે છે.

ઇલેક્ટ્રોનિક રેકર્ડમાં ખોટો પુરાવો સાચા તરીકે ઉપયોગ કરવો તે IT, Act મુજબનો ગુનો ગણવામાં આવે છે.

બનાવટી દસ્તાવેજને ખરા તરીકે ઉપયોગ કરવો. તેમજ આવો કરાર બનાવટી હોવાનું વ્યક્તિ પોતે જાણતી હોય તેમજ કપટતા પૂર્વક તેન ખરા દસ્તાવેજ તરીકે ઉપયોગ કરવાના ગુનાસર ઈ.પી.કો. કલમ ૪૭૧ મુજબ દંડ તથા શિક્ષા બંને કરવામાં આવે છે.

ભારતીય ફોજદારી અધિનિયમ ૧૮૬૦ અન્વયે સને ૨૦૦૦ ની ઇન્ફોર્મેશન ટેક્નોલોજી અધિનિયમની કલમ ૯૧ ની ૧૧ થી ૧૪ અન્વયે કલમમાં ૪૬૯, ૪૭૦, ૪૭૧ માં ફેરફાર સુધારો કરવામાં આવેલ છે. ઠગાઇ બનાવટ કરવાના હેતુથી કોઇ સીલ, સિક્કો, પ્લેટ - છાપ પાડવાનો પ્રયત્ન કરવો. રાજયની મહોર પાડવી. આવા સાધનો પોતાના કબજામાં રાખવા. બનાવટી ફીકસ અંગૂઠાની છાપથી ભળતાં વ્યક્તિથી ખોટા રજી. વેચાણ દસ્તાવેજ બનાવવા તેનો સાચા તરીકે ઉપયોગ કરવો તેમજ મિલકત પડાવી લેવા ખોટા ડિપોઝીટ રસીદ, પોસ્ટ રસીદ, કિસાન વિકાસ પત્ર છાપવાનો ગુનો આચરવો એ આજીવન કેદ અથવા સાત વર્ષની કેદ તથા દંડને પાત્ર ગણાશે.

હાલના સંજોગોમાં ખોટા કરારો લખાણો ઊભા કરવાના બનાવો વધતા જાય છે. સીવીલ રાહે આવા કરારો લખાણો રદબાતલ ઠરાવતા ઘણો જ સમય તેમજ નાણાનો વ્યય થાય છે. તેવા કિસ્સામાં ભારતીય ફોજદારી ધારાની કલમ ૪૬૭, ૪૬૮, ૪૭૦, ૪૭૧ નો ઉપયોગ કરી F.R.I. નોંધાવી ખોટું કરનારને શિક્ષા અને દંડ બંને કોર્ટ કરી શકે છે. તાજેતરમાં સૂરત, વડોદરા, અમદાવાદ, ભૂજ જેવા મહાનગરોમાં આવા બનાવો રોજેરોજ બનતા જોવા મળેલ છે. જે સંગત પોલીસ અધિકારી બિનજામીનપાત્ર ગુનો નોંધી તપાસ કરી ધરપકડ આરોપીની કરી તા. કોર્ટમાં રીમાન્ડ મેળવી આવા નકલી - બનાવટી કરારો, લખાણો - દસ્તાવેજો, સિક્કા, સીલ, પ્લેટ, ફ્લોપી, હાર્ડડીસ્ક વિગેરે તેમજ કોમ્પ્યુટર કબજે કરી શકે છે. મોટા ભાગે એક વ્યક્તિનો હક્ક અધિકાર છીનવવા માટે બીજી વ્યક્તિ આવા પ્રકારની બિનજામીનપાત્ર ગુનો ગણાય છે. દરેક વ્યક્તિએ પોતાની મિલકત સાચવવા યોગ્ય પગલાં ભરવા જોઇએ. કાયદો જાગતાને મદદ કરે છે.

આજના દિવસનો મહિમા

- ભાનુપ્રસાદ એસ. દવે

૨૧મી એપ્રિલ મોરિસ વિલ્સન પર્વતારોહકનો જન્મ

અદ્‌ભૂત સાહસિક પર્વતારોહક મોરિસ વિલ્સનનો આજે જન્મદિન. એવરેસ્ટના દુર્દન્ત શિખર પર એકલપંથએ ચડવાનો આ પર્વત ખેડૂ ધ્યેય પ્રાપ્ત કરીને જ જંપ્યો.

એવરેસ્ટ આરોહણના એક વર્ષ બાદ તેનું શબ એક ટુકડીને મળ્યું. દુનિયાના તમામ સંતાપનું નિવારણ પ્રાર્થના અને ઉપવાસમાં રહેલું છે - તેવું તે કહેતો.

● ૧૯૭૭ માં કટોકટી સમાપ્ત થઇ અને મધ્યસત્ર ચૂંટણીની જાહેરાત થઇ.

● સંગીતકાર જહોન હનેમાન અને

સંગીતજ્ઞ શરણાઇ વાદક બિસ્મીલ્લાખાંનો જન્મદિન

● આચાર્ય રજનીશે પૂનામાં આશ્રમની સ્થાપના કરી ૧૯૭૪.

● પર્શિયા નામ રદ કરીને પોતાનું રાષ્ટ્રીય નામ 'ઇરાન' રાખ્યું ૧૯૩૫.